# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# આપણે કહેવાતા ધર્મી અને આપણે માનેલા અધર્મી

## જૈનો જાગો

રમેશ વૈકાણી

લેખાંક : ૪૦

જીવ અનંત ભવ ભ્રમણથી ભટકે છે અને અનંતી વખત મનુષ્યપણું પણ પ્રાપ્ત કર્યું હશે અને મનુષ્યપણાંમાં ઘણી વખત અધર્મી અથવા કહેવાતો ધર્મી બન્યો હશે પણ ક્યારેય સાચો ધર્મી બનવાની (ધર્મ ધારણ કરવાની) કોશિષ કરી નહીં હોય નહીંતર જીવની આવી દશા ન હોય. જીવે સાચો ધર્મી નહીં બનવાના ઘણા કારણો હોય છે, તેમાંથી પ્રમુખ કારણ ગયા લેખાંકમાં વિચાર્યું હતું (ધર્મનું માન લેવાની વૃત્તિ). બીજા કારણો ઘણા છે, તેમાંથી પ્રમુખ કારણ સ્વચ્છંદે ધર્મ કરવાની વૃત્તિ (ગુરૂનાં આશ્રય વિનાં), તેનાં કારણે જીવને સાચો ધર્મ જાણવાની ઝુરણાં દબાઈ જાય છે અને માનેલો ધર્મ કરવાની ઈચ્છા રાખે છે (કુળ પરંપરામાં અથવા લોકઅભિપ્રાયથી). જીવ અનંત ભવમાં આ ભવ અને આખા જીવનભરનાં વર્ષોમાં આ એક વર્ષ અને આખા વર્ષમાં ફક્ત ચાર્તુમાસ દરમ્યાન એક વખત મોક્ષમાર્ગ શું છે અને શું કરવાથી મોક્ષમાર્ગમાં ચલાય અને

### * સત્સંગ *

**ધર્મનાં ધર્મનું ધ્યાન ધરવાથી ધર્મનાં ધ્યાની ન થવાય.**
**ધર્મમાં ધર્મીનાં ધાડાના ધણીથી ધર્મનાં ધ્યાની ન થવાય.**
**''પણ''**
**ધર્મનાં ધણીની ધારણાથી, ધર્મનાં ધારકની ધાકથી, ધર્મનાં કારકને ધુણાવીને ધર્મીનાં ધર્મીનું ધ્યાનથી ધ્યાન ધ્યાવીને ધર્મનાં ધ્યાનનાં ધ્યાની થવાય.**

કેવા પ્રકારનો ધર્મ કરવાથી અલ્પભવોમાં મોક્ષ પામવાનું નિશ્ચિત સ્વરૂપ નક્કી થાય તે શાસ્ત્રોનાં આધારથી શ્રી સાધુ ભગવંતો પાસેથી જાણવો જીવે અત્યંત જરૂરી છે. જીવ જેમ સંસારમાં જે ક્ષેત્રમાં હોય તેની જેવી રીતે જાણકારી લે છે અને સફળતા મેળવવાં જેમ તે ક્ષેત્ર વિષે જિજ્ઞાસા ધરાવે છે અને જે સલાહથી સફળતા મળે તે સલાહપૂર્વક વર્તે અને અસફળતા મળે તો તે સલાહને તજી દે છે. તેવી રીતે જીવને માટે ધર્મનાં ક્ષેત્ર (શાસ્ત્રની જાણકારી)થી અજાણ છે. તે ક્ષેત્રની જાણકારી માટે તે ક્ષેત્રનાં જાણકાર (શ્રી સાધુ ભગવંતો) પાસેથી શાસ્ત્રોનું સાચું જ્ઞાન લેવાની ઝુરણાં રાખવી જોઈએ. **''સૌ પહેલા ધર્મ કરવાની જરૂર નથી પણ ધર્મ જાણવાની જરૂર છે''**. જીવને જેમ જેમ સાચું જ્ઞાન મળતું જશે તેમ તેમ જીવ

**ભાનનાં ભાનનું ભાન ભુલીને ભયેતભાવે ભક્તિથી ભજેલા ભગવાનને ''તે'' ભવભ્રમણનાં ભારનાં ભારમાં ભાર**

સહજતાથી ધર્મ પણ કરતો જશે. માટે સૌ પ્રથમ ''અજ્ઞાન'' ટાળવું અને જ્ઞાનને જાણવું. તે જે જીવો ભવ ભ્રમણથી થાકેલા હોય (ભવ-ભવાંતરને દુઃખ માનતા હોય) અને મુક્તિની અભિલાષા રાખતાં હોય તો મુક્તિનો માર્ગ શ્રી પરમાત્માને માથે રાખીને જાણી લેવો. તે સર્વ શ્રાવક-શ્રાવિકાઓનાં જૈનકુળનાં સાર્થકપણાંમાં પરીણામ પામે તેમ ગણાય. જીવ જેમ સંસારમાં સંસારીપણામાં સંસારનાં માનેલા સુખો મેળવવા સુખોનાં સાધનો ખરીદતા

**અધર્મી અર્થથી અનર્થનું આરાધન કરે છે.**
**ધર્મી 'અર્થનાં' અનર્થનું આરાધન કરે છે.**
**અધર્મી 'અનર્થ'થી અર્થનું આરાધન કરે છે.**
**ધર્મી અનર્થનાં અર્થનું આરાધન કરે છે.**

પહેલા જેમ તેનાં સુખ અને કિંમત વિષે તપાસ કરે છે, કારણકે જીવ છેતરાવા માંગતો નથી અને સુખથી વંચિત પણ રહેવા માંગતો નથી માટે સારી એવી તપાસ કરે છે. જ્યારે અહિંયા (ધર્મમાં) તો જીવે મનુષ્યપણાંનાં ભવનો સવાલ છે. અને સાથે શાશ્વતા સુખની વાત છે. ફરી પાછું મનુષ્યપણું ક્યારે મળશે અને મળે ત્યારે આજે જે રીતે શ્રી સાધુ ભગવંતોનો યોગ થયો છે, તેવો થશે કે નહીં તેની ખબર નથી (સાવ નાના ગામમાં મનુષ્યપણું અને જૈન કુળ મળે તો શું કામનું કે જ્યાં જીવનભર કદાચ શ્રી સાધુ ભગવંતોનાં દર્શન પણ ન થાય ત્યાં ધર્મ મળવાની તો વાત જ આવતી નથી) અને જેમ જીવ સુખ મેળવવા હિંમતપૂર્વક વર્તે છે તો અહિંયા તો શાશ્વતા સુખની વાત છે, માટે શ્રાવક-શ્રાવિકાઓએ નિર્ભયતાપૂર્વક, નમ્રતા સહિત, આદરભાવથી અને સત્ય જાણવાની જિજ્ઞાસા સહિત શ્રી સાધુ ભગવંતોની પાસેથી શ્રી પરમાત્માને સાક્ષી ભાવે સાથે રાખીને ઝુરણાંથી ભરેલા સવાલ અને સાચા જવાબ આપવા એ સૌ આત્મલક્ષી જીવોનું કાર્ય-કર્તવ્ય અને ઉપકારીભાવનું પરીણમવું ગણાય.

શ્રી સાધુ ભગવંતો સાધનાનાં માર્ગનાં ઉગ્ર સાધકો

### ધર્મીસાર

**● કહેવાતા ધર્મી બનવાનું કારણ :**

**''જે ધર્મ કરે છે, તે ધર્મ જાણતાં નથી. જે ધર્મ જાણે છે, તે ધર્મ કરતાં નથી.**

**બંને પ્રકારનાં જીવો સાચા ધર્મી બનતા અટકે છે. પહેલા પ્રકારનાં જીવો ધર્મ જાણ્યાં વગર પુણ્યલક્ષથી ધર્મ કરે છે. (ઉપદેશ બોધથી) અને બીજા પ્રકારનાં જીવો ધર્મ જાણીને ધર્મનો પુરૂષાર્થ કરવાને બદલે બીજા જીવોને ધર્મ આપવાની વૃત્તિથી ઉપદેશક બની જાય છે. ''ધર્મ ધારણ કરવાની બદલે ધર્મ આપવામાં લાગી જાય છે.'' માટે સાચા ધર્મી બનતાં અટકીને કહેવાતા ધર્મી બની જાય છે.**

**● સાચા ધર્મી બનનાર :**

**પહેલા ધર્મ કરતો નથી ''પણ'' પહેલા ધર્મને જાણવા માંગે છે, જે જીવ ધર્મને જાણીને ધર્મ કરે છે. તે જીવ ધર્મમય જીવન જીવે છે. જેનું જીવન ધર્મમય હોય તે જીવ ધર્મ કરતો નથી ''પણ'' ધર્મ ધારણ કરે છે. જે જીવ ધર્મ ધારણ કરે છે, તે જીવ ધર્મ પામે છે. જે જીવ ધર્મ પામે છે, તે જીવ ભવસાગરથી પાર પામે છે.**

**સાચા ધર્મીનું ધર્મમય જીવન જોઈને બીજા જીવો ધર્મ પામે છે. અને સાચો ધર્મી બીજા જીવોને સહાનુભુતિપૂર્વક ધર્મ સમજાવે છે. (અજ્ઞાની બાળજીવો પ્રત્યે કરૂણાંનાં ભાવથી) જ્યારે કહેવાતા ધર્મી ક્રોધિષ્ઠ થઈને બાળજીવો ઉપર ધર્મ લાદે છે. (કહેવાતાં ધર્મીનું અજ્ઞાન છે કે ધર્મ લાદવાથી ન લદાય, આપવાથી ન અપાય ''પણ'' જીવ સમજણથી સ્વિકારે તો જ અપાય.)**

**આત્મધર્મમાં ક્ષત્રિયપણું જોઈએ આપનારમાં ક્ષત્રિયપણું જોઈએ અને લેનારમાં પણ ક્ષત્રિયપણું જોઈએ.**

**''સંસારભાવવાળા જીવોનું કામ નહીં''**

ગણાય. તેથી શ્રાવકોએ શ્રી સાધુ ભગવંતોની સાધનામાં સહાય થાય તેવા પ્રકારની આહાર, વિહાર અને નિવાસની શ્રેષ્ઠ ભક્તિ કરવી જોઈએ અને શ્રી સાધુ ભગવંતોએ શ્રાવકોનો પરમ ઉપકાર ગણીને શ્રાવકો ભવભ્રમણમાંથી કેમ છુટે તે લક્ષમાં રાખીને શ્રી મહાવીર સ્વામીએ જ આપેલો ધર્મ ''આત્મધર્મ જ'' આપવો જોઈએ.

હવે આગળનાં અનુસંધાનમાં કહેવાતા ધર્મી અને માનેલા અધર્મીનાં ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

૨૩. **અધર્મી** : અર્થનાં ઉપાર્જનમાં ગમે તેવા પ્રકારનાં કાર્યોથી અર્થનું ઉપાર્જન કરે છે જેવા કે જુગાર-રેસ વિગેરે.

૨૩. **કહેવાતા ધર્મી** : ધર્મનાં સંસ્કારને અનુરૂપ કાર્યોથી અર્થનું ઉપાર્જન કરીએ છીએ ? કે ગમે તે પ્રકારનાં કાર્યોથી અર્થનું ઉપાર્જન કરીએ છીએ ? (જુગાર-રેસ વિગેરે) જૈન ધર્મનાં શ્રાવકોએ, જૈન ધર્મમાં જે કાર્યોનો નિષેધ કરેલો હોય, જે પદાર્થોનો નિષેધ કરેલો હોય અને જે ક્ષેત્રોનો નિષેધ કરેલો હોય તેવા કોઈપણ પ્રકારથી અર્થનું ઉપાર્જન કરાય નહીં અને કરતા હોઈએ તો જૈન કહેવાય નહીં ''જૈન કુળમાં જન્મ્યા યા ન જન્મ્યા બરાબર છે.'' ગમે તેવો મહાન ધર્મ કરતા હોઈએ તો પણ અધર્મ છે.

૨૪. **અધર્મી** : અધર્મને જાણીને, માનીને અધર્મમાં રહે છે.

૨૪. **કહેવાતા ધર્મી** : અજ્ઞાનતાએ અને અજાણતાં ધર્મનાં નામે અધર્મમાં રહે છે.

૨૫. **અધર્મી** : સ્વધર્મ કે અન્ય ધર્મો કે સંપ્રદાયોનો અનાદર કરતો નથી.

૨૫. **કહેવાતા ધર્મી** : સ્વધર્મનો અને સ્વધર્મીનો આગ્રહ કે આદર શું કરે છે ? કે અન્ય ધર્મીઓનો અનાદર

### * સત્સંગનું ફળ *

**જીવને, સાચા જ્ઞાનની, સાચી સમજણ મળે તો, ભવભ્રમણનાં સાધનો મુક્તિનાં કારણો બને,**
**''અને''**
**ખોટા જ્ઞાનને, સાચા જ્ઞાનની જાણકારી માને તો, મુક્તિનાં સાધનો, ભવભ્રમણનાં કારણો બને,**
**''અને જો''**
**જીવ સાચા જ્ઞાનને ટાળીને, ખોટા જ્ઞાનથી વર્તે તો, મુક્તિનાં સાધનો અને કારણો, દુર્ગતિનાં નિમિત્તો બને.**

કરે છે ? અન્ય સંપ્રદાય (સ્વધર્મનાં અન્યપક્ષ)ને આદરભાવે જોવે છે? તેનો વિચાર કહેવાતા ધર્મીઓ કરે.

**(સવ્વી જીવ કરૂં શાસન રસી)**

૨૬. **અધર્મી** : સંવત્સરીનું પ્રતિક્રમણ કરે છે, પણ ક્ષમાપના તો સારા સબંધો હોય તેને ત્યાં જ જઈને કરે છે.

૨૬. **કહેવાતા ધર્મી** : સંવત્સરીનું પ્રતિક્રમણ કરીને આખા વર્ષમાં અજાણતાં (જૈનો જાણીને તો કોઈ જીવને દુભાવે નહીં, જ્યાં વનસ્પતિને પણ દુઃખ પહોંચાડવાનો વિચાર કરતાં નથી ત્યાં પંચેન્દ્રિયનાં આત્માને તો દુઃખ કેવી રીતે પહોંચાડે !!!) કે જાણતાં જે કોઈ જીવનું અહિત કર્યું હોય, કરાવ્યું હોય, કે કરનારની અનુમોદના કરી હોય, અથવા અન્ય પ્રકારે જીવને દુભાવ્યો હોય જેમ કે (માન કરીને,

**ત્યાગ સહિતનો વૈરાગ્ય અને ત્યાગ રહીતનો વૈરાગ્ય મોક્ષગતિનું કારણ**
**''અને''**
**વૈરાગ્ય રહિતનો ત્યાગ અને વૈરાગ્ય રહિતનું સંસારી જીવન ચાર ગતિનું કારણ**

સ્વાર્થ કરીને, સુખ ભાવથી, કે દ્વેષબુધ્ધિથી) તો તેવા જીવોની સન્મુખ જઈને આદરપૂર્વક, નમ્રતાસહિત અને અંતઃકરણપૂર્વક ક્ષમા લઈએ અને ક્ષમા આપીએ છીએ? અને ભવિષ્યમાં એવા કોઈપણ પ્રકારથી કોઈપણ જીવોનાં આત્માને દુઃખ થાય નહીં અને દુર્ભાવ કરાય નહીં. એવો સંકલ્પ સંવત્સરીનાં શ્રેષ્ઠ દિવસે કરીએ છીએ ? ''આવો સંકલ્પ કોણ કરે ? '' **કહેવાતા ધર્મી - માનેલા અધર્મી કે સાચા ધર્મી ?**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.